૧૦

વડોદરા ખાતે "સંકલ્પભૂમિ સ્મારક" ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવન તથા અન્ય બાબતો માટે તજજ્ઞ સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૨)
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/03/૨૦૨૨

વંચાણમાં લીધા:

(૧) વિભાગનો તા.૦૫/૦૧/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૧)

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૫/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૨/૯૫૯

આમુખ:

ભારત સરકાર દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના સંદર્ભમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા બે નવા સ્થળોનો વિકાસ કરવાનો નિર્ણય કરેલ હતો. જેમાં "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરાનો સમાવેશ થયેલ છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરના સંકલ્પ દિવસ તા.૨૩/૦૯/૧૯૧૭ ને વર્ષ-૨૦૧૭ માં ૧૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે, જે અન્વયે "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવન તથા અન્ય બાબતો માટે વંચાણે લીધા ક્રમાંક-૧ થી તજજ્ઞ સમિતીની રચના કરવામાં આવેલ. વંચાણે લીધા ક્રમાંક-૨ થી નિયામકશ્રી(અ.જા.ક.), ગાંધીનગરના તા.૦૫/૦૨/૨૦૨૨ના પત્રથી સદરહુ સમિતિના "સભ્ય સચિવશ્રી" તરીકે "સંયુક્ત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર"ની નિમણૂક કરવા તથા સમિતિના અન્ય સભ્યોની નિમણૂક કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરા ખાતેના મ્યુઝિયમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન-કવન તથા અન્ય બાબતોની તજજ્ઞ સમિતિના "સભ્ય સચિવશ્રી" તરીકે "નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, વડોદરા"ની જગ્યાએ "સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર" ની નિમણૂક કરવામાં આવે છે. વધુમાં, સદરહુ સમિતિના વધુ એક સભ્ય તરીકે શ્રી રોહિતકુમાર માધવભાઈ પટેલ, વડોદરાનો સમાવેશ કરવામાં આવે છે.

આ સમિતિના કાર્યો અને ફરજો વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવ અનુસારની રહેશે.

આ ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૧) પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chirag

(ચિરાગ પટેલ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા.ક) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સમિતિના તમામ સભ્યશ્રીઓ (નિયામકશ્રી(અ.જા.ક.)મારફત)
- ડૉ.કિશોરભાઈ કરશનભાઇ મકવાણા, I-7, મધુરમ કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપ પાસે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.
- પ્રો.ડૉ.મગનભાઈ પરમાર,ડીન, ઓએસડી ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, સિન્ડીકેટ મેમ્બર, મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.
- ડૉ.જીવરાજ કાનજીભાઇ ચૌહાણ, ૬-નયના સોસાયટી, બરોડા ડેરી સામે, બજરંગ સુપર સ્ટોરની પાછળ, મકરપુરા રોડ, વડોદરા.-૩૯૦૦૦૯.
- શ્રી રોહિતકુમાર માધવભાઈ પટેલ, બી/૩, શિલ્પ બંગ્લોઝ, બ્રાઈટ સ્કૂલ પાસે, વાસણા-ભાયલી રોડ, વડોદરા-૩૯૧૪૧૦.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૨.